# કેવું લાગશે આપણા પ્યારા બાબાને?

બ્ર.કુ. પ્રો. પ્રફુલ્લચંદ્ર શાહ (નડિયાદ)

- અમૃતવેળાનો સમય હોય, "ઊઠો મીઠે બચ્ચે" કહી બાબા આપણું આહ્વાહ્ન કરતા હોય, આપણા ભાગ્યના સિતારાને ચમકાવવા આવ્યા હોય અને આપણે નિદ્રાદેવીની ગોદમાં સુતા રહીએ તો કેવું લાગશે બાબાને?
- જયારે સ્વયં વરદાની ભગવાન વરદાનોથી ભરપૂર કરવા દ્વાર પર ઉભા હોય, "મીઠે બચ્ચે" કહી બોલાવી રહ્યા હોય અને આપણે સુની-અનસુની કરીને પડખું બદલી સૂઈ જઈએ તો જરા વિચારો, કેવું લાગશે બાબાને?
- ચાલો આપણે અમૃત વેળાએ યોગમાં બેસી તો ગયા, બાબા પણ આપણને ગુણોં અને શક્તિઓથી ભરપૂર કરવા ઉત્સુક છે, આપણી સાથે પ્રેમથી વાતો કરવા માંગે છે અને આપણે મન-બુધ્ધિને એકાગ્ર કરી ન શકીએ, આપણી બુધ્ધિ, વસ્તુ, વ્યક્તિ, પદાર્થ, પરિસ્થિતિમાં ભટકતી રહે, તો પ્યારા બાબાને કેવું લાગશે, એનો ખ્યાલ આવે છે મનમાં?
- કલાસમાં જવાનો સમય થયો હોય, બાબા પણ જ્ઞાન રત્નોંથી બાળકોને શ્રૃંગારવા આતુરતાથી રાહ જોતા હોય અને આપણને સંકલ્પ આવે કે આજે કલાસમાં નથી જવું, કાલે જઈશું કે પછી જઈશું કોક દિવસ તો બોલો આપણે બાબાની જગ્યાએ હોઈએ તો આપણને કેવું લાગે ?
- નેમીનાથ થઈ કલાસમાં બેસી તો ગયા. મીઠા બાબાની પ્યારભરી વાણી ચાલી રહી છે, મૂલ્યવાન રત્નોંનો પ્રવાહ વહી રહ્યો છે અને આપણું ધ્યાન કોઈ અન્ય બાબત પર હોય અથવા અર્ધનિંદ્રામાં ઝોંકા ખાતા હોઈએ, તો પરમશિક્ષક ને શું સારું લાગશે !
- બાબાની પ્રથમ શ્રીમત્ છે કે, દેહભાનનો ત્યાગ કરી, કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને તેના અંશ-વંશથી દુર રહો, મને યાદ કરો અને પવિત્રતા, સુખ, શાંતિ, આનંદ, પ્રેમ, શક્તિ, જેવાં આત્માના સ્વધર્મ માં સ્થિત રહો પણ આપણી જાતને ભગવાનના બાળકો કહેવડાવનાર આપણે કુદૃષ્ટિ ચાલુ રાખીએ, નાની-નાની બાબતોમાં આવેશમાં આવી ક્રોધ કરી બેસીએ, સંસારની મોહમાયામાં ફંસાયેલા રહીએ, નાના પ્રકારના અહંકારોમાં રાચતા રહીએ, ઈર્ષ્યા, દ્વેષ પણ રાખતા હોઈએ તો બોલો આ ગમશે આપણા પ્યારા બાબાને?

- બાબા કહ્યા કરે છે બાળકો ભવિષ્યના રાજય-ભાગ્યની પ્રાપ્તિનો આધાર છે, નિષ્કામ સેવા, દસ નખોનું જોર લગાવી સેવામાં લાગી જાવ. બાબા પણ છુટ્ટી આપતા હોય છે કે તમારી વિશેષતા કે રસ અનુસાર સેવા કરો અને છતાં પણ આપણે એમ કહેતા ફરીએ છીએ કે સમય જ કયાં છે? અનેક પ્રકારની બહાનાબાજી કરતા રહીએ તો કેવું લાગશે બાબાને?
- ભોજનનો સમય થયો છે, આપણી થાળી આપણી સામે છે, બાબા કહે છે બાળકો તમે થાળી લઈ વતનમાં આવી જાવ, સાથે બેસીને જમીશું. હું જાણું છું કે, તમને મને ખવડાવવાની ઈચ્છા છે અને હું પણ મારા હાથે તમને ખવડાવવા ઈચ્છુક છું અને આ સમયે આપણને બાબાની યાદ ન આવે અને ભોજન પર તુટી પડીએ અને આસ્વાદમાં મગ્ન થઈ જઈએ, તો બોલો કેવું લાગશે આપણા બાબાને ?
- બાબા કહે છે, "બચ્ચે કમ બોલો, ધીરે બોલો, મીઠા બોલો", સત્ય બોલો અને બીજી બાજુ આપણે વાતોના વડા કરવામાંથી ઉંચા ન આવતા હોઈએ, ઉંચા અવાજે વાતો કરતા હોઈએ, મનમાં આવે તો, સામેની વ્યક્તિનો વિચાર કર્યા વગર, એલફેલ બોલી નાખીએ, જરૂર પડે જુઠ્ઠુ બોલવામાં પણ શરમ ન અનુભવીએ, તો બોલો આપણાથી શું બાબા ખુશ રહેશે આપણા બાબા?
- બાબાની આપણા પ્રતિ એ પણ શ્રીમત છે કે રાત્રે સૂતા પહેલા તમારા દિવસભરનો ચાર્ટ મને સંભળાવી હળવા થઈ જાવ અને મારી ગોદમાં આવીને મારી યાદમાં સૂઈ જાવ પરંતુ ઘણી વખત ઉલટુ પણ થઈ જાય છે, થાક્યા-પાક્યા હોઈએ તો પથારીમાં પડતાની સાથે બાબાને યાદ કર્યા વગર ઉંઘી જઈએ અને કયારેક જો મન પર વ્યર્થ સંકલ્પો સવાર થઈ ગયા હોય તો ઉંઘ પણ હરામ થઈ જાય અને બાબાની યાદ પણ ગાયબ થઈ જાય. આપણી આવી હાલત જોઈ બાબાની શું હાલત થતી હશે તેનો ખ્યાલ શું આપણે કરીએ છીએ?
- બાબા વારંવાર કહે છે કે સંગમયુગની એક-એક ક્ષણ તમારા માટે હીરા સમાન મૂલ્યવાન છે અને આવી એક-એક કિંમતી સેકન્ડને આળસ અને અલબેલાપનમાં કોડીના મુલ્યે વેડફતા આપણે બાબા જોઈ જાય તો બાબાને કેવું લાગશે, તેનો વિચાર શું આપણને આવે છે ?

આવો આપણે સૌ બાબાની ઈચ્છા મુજબ એ જ બધું કરીએ જે બાબા ઈચ્છે છે તો બાબા આપણાથી ખુશ-ખુશ થઈ જશે.

-: ઓમ શાંતિ :-